ચોપાઇ- પછી શ્યામ સોરઠ પધાર્યા, જનને મન મોદ વધાર્યા ।
ગામે ગામમાં દઈ દર્શન, કરે જનનાં મન પ્રસન્ન ॥૧॥
ખંભાળું રાયપર પિંપળ, રહી બંધીયે ગયા ગોંડળ ।
ગામ ગોંડળનો જે રાજન, નામ હઠિભાઈ હરિજન ॥૨॥
સખા સહિત સામા સહુ આવ્યા, અતિહેતે પ્રભુ પધરાવ્યા ।
પછી બોલિયા શ્યામ સુજાણ, તમે સાંભળો નરપતિ વાણ ॥૩॥
અમે ત્યાગીને રાજય તમારે, કેમ મળશે તમારે અમારે ।
જેમ તમને રાજયની ખુમારી, તેમ ત્યાગીને ત્યાગની ભારી ॥૪॥
માટે મોટા જો જાણો અમને, તો માનજયો જે કહીએ તમને ।
તૈયે જોડ્યા છે રાજાએ હાથ, જેમ કહો તેમ કરશું નાથ ॥૫॥
પછી પધાર્યા તેને ભવન, રહ્યા રાત્ય ને જમ્યા જીવન ।
પછી શીખ માગીને સધાવ્યા, ધ્રોડ કરી ધોરાજીયે આવ્યા ॥૬॥
રહી રાત્ય ને સધાવ્યા શ્યામ, ત્યાંથી આવ્યા છે ભાડેર ગામ ।
ત્યાં નિજજનને સુખ આપ્યાં, દેઈ દર્શન ને દુઃખ કાપ્યાં ॥૭॥
પછી આવ્યા માણાવદ્રમાંઈ, રહ્યા રાત્ય એક પોતે ત્યાંઈ ।
પછી ત્યાંથી પધાર્યા પંચાળે, દિધાં દાસને દર્શન દયાળે ॥૮॥
તિયાં રહ્યા રાજી થઈ બહુ, આવ્યાં સાંભળી દર્શને સહુ ।
આખા અજાબ્ય ને અગત્રાઈ, ગઢમઢ પિપ્પલ પોરછાઈ ॥૯॥
મેઘપુર માંગરોળ લોજ, કાલવાણી સમેધુ સુત્રોજ ।
ગણોદ જાળિયું ઉપલેટું, આવે દર્શને ન જુવે છેટું ॥૧૦॥
બાલ જોબન ને વૃદ્ધ વળી, આવ્યા પ્રભુ પધાર્યા સાંભળી ।
સહુ આવીને નિરખ્યા નાથ, જોઈ જીવન થયા સનાથ ॥૧૧॥
કરી પૂજા ને લાગ્યા છે પાય, અતિ હેત હૈયામાં ન માય ।
કહે કરજોડી એમ જન, ઘણે દહાડે દીધાં દરશન ॥૧૨॥

એમ કહી ભર્યાં નીર નયણે, પછી પ્રભુ બોલ્યા મીઠે વયણે ।
સાંભળો સતસંગી સોરઠી, તમે સહુ સુખી છો સારીપઠી ॥૧૩॥
અમે ફરીએ છીએ દેશ સહુ, પણ તમે વાલાં મને બહુ ।
અમે પ્રથમ પ્રગટ થઈ, કરી આ દેશમાં લીળા કઈ ॥૧૪॥
વળી આ દેશમાં સ્વામી મળ્યા, રામાનંદ જે ન જાય કળ્યા ।
તેના સતસંગી તમે કહાવો, માટે મારે મને અતિભાવો ॥૧૫॥
એવી સાંભળી વાલાની વાત, સહુ થયા અતિ રળિયાત ।
પછી આવ્યો દુર્બળ એક દાસ, અકિંચન નહિ વસ્ત્ર પાસ ॥૧૬॥
તેને આપ્યાં અંબર કરાવી, વળી મુઠડી મોરે ભરાવી ।
કાપ્યું દારિદ્ર એમ જનનું, હતું દુઃખ જે બહુ દનનું ॥૧૭॥
બીજાં સહુ સુખી થયાં જન, કરી પ્રભુજીનાં દર્શન ।
દિન દશ વિશ તિયાં રહ્યા, પછી ગામ પિપલાણે ગયા ॥૧૮॥
આખું અગત્રાઈ ગામ ફરી, પાછા પંચાળે આવિયા હરિ ।
રહી રાત્ય સવારે સધાવ્યા, ત્યાંથી માણાવદ્રમાંહિ આવ્યા ॥૧૯॥
દીધાં દાસને દરશન દાન, રહી રાત્ય ચાલ્યા ભગવાન ।
આવ્યા જાળિયે સુંદર શ્યામ, રહ્યા પહોર એક એહ ઠામ ॥૨૦॥
પછી જને કરાવ્યાં ભોજન, જમી ચાલિયા ત્યાંથી જીવન ।
બીજે રહ્યા નહિ કિયાં નાથ, આવ્યા બંધીયે સખાને સાથ ॥૨૧॥
ત્યાંથી ચાલ્યા રંગભીનો રાજ, આવ્યા ગામ ગઢડે મહારાજ ।
દિધાં દાસને દર્શન દાન, જને નિરખ્યા ભાવે ભગવાન ॥૨૨॥
પછી પૂછ્યું જને લાગી પાય, કેવા સતસંગી સોરઠમાંય ।
કહો કૃપા કરીને અમને, કેવું હેત કરતા તમને ॥૨૩॥
પછી બોલિયા પ્રાણજીવન, તમે સાંભળો સહુ મળી જન ।
સોરઠદેશના સતસંગી જેહ, અતિનિર્મળ કોમળ તેહ ॥૨૪॥
નહિ છળ કપટ લગાર, બહુ વિશ્વાસી છે નરનાર ।
ઘણું નહિ ડહાપણ ચતુરાઈ, નિશ્ચય પ્રભુનો પર્વત પ્રાઈ ॥૨૫॥
જે દિના એને સ્વામી મળ્યા છે, તેદિના સર્વે સંશય ટળ્યા છે ।

નિરુત્થાન છે નર ને નારી, એકએકથી સમજણ્યે ભારી ॥૨૬॥
એવા જન થોડા મળે જોતે, જેને મળ્યા રામાનંદ પોતે ।
ત્યારે જન કહે સત્ય મહારાજ, એવા જન નહિ બીજા આજ ॥૨૭॥
જેનાં તમે કરો છો વખાણ, એતો એવાજ છે પરમાણ ।
એમ હરિ હરિજન મળી, કરી વાત તે સર્વે સાંભળી ॥૨૮॥
એમ નિત્ય નવી વાતો કરે, સુણી જન હૃદે સહુ ધરે ।
એમ કર્તાં વીત્યો એક માસ, પછી પ્રભુજી થયા ઉદાસ ॥૨૯॥
લીધો સેવક એક સંગાત્યે, ઉઠી ચાલ્યા પોતે અરધિ રાત્યે ।
ગઢડાથી ઉતરમાં ગામ, રહે સતસંગી સુખપુર નામ ॥૩૦॥
તિયાં પધાર્યા દર્શન દેવા, તેને ઘેર હતો વળી વિવા ।
તિયાં મળ્યાં હતાં નરનાર, દિઠાં ઉન્મત સરખાં અપાર ॥૩૧॥
નહિ કેને વિચાર વિવેક, ચડ્યો કેફ વિવાનો વિશેક ।
કરે માંહોમાંહિ બહુ હાંસી, એવું જોઈને થયા ઉદાસી ॥૩૨॥
આવ્યા હતા ઉદાસી ટાળવા, ત્યાંતો સામુના અધિકા હવા ।
પણ કહ્યું નહિ કેને કાંઈ, પ્રભુ સમજી રહ્યા મનમાંઈ ॥૩૩॥
પછી તર્ત ત્યાંથી ઉઠી ચાલ્યા, રહ્યા નહિ નાથ કેના ઝાલ્યા ।
કહે અમે જાશું દૂર દેશ, પાછા યાં નહિ કરીએ પ્રવેશ ॥૩૪॥
પછી હરિજને જોડ્યા હાથ, એવું કરવું નહિ મારા નાથ ।
હોય જીવમાં અવગુણ ઘણા, જોયા ન ઘટે નાથ તે તણા ॥૩૫॥
માટે દયાળુ દયા કરીને, આવો ગામમાં પાછા ફરીને ।
પછી પ્રભુ કહે સાંભળો તમે, જાઓ જરૂર આવશું અમે ॥૩૬॥
પણ આ પળે પાછા વળીને, નહિ આવીએ માનો મળીને ।
પછી ત્યાં થકી પોતે સિધાવ્યા, આઘા જઈને ગઢડે આવ્યા ॥૩૭॥
આવી લખાવ્યો કાગળ એક, તેમાં એટલો લખ્યો વિવેક ।
આપણા જે સતસંગી હોય, તેતો ભાંડ ભવાઈ ન જોય ॥૩૮॥
સાંખ્યયોગી હોય બાઈ ભાઈ, તેને જાવું નહિ વિવામાંઈ ।
કર્મયોગી જે જાય વિવાય, તેપણ ગીત પ્રભુજીનાં ગાય ॥૩૯॥

એહ આગન્યા છે જો અમારી, સહુ રહેજ્યો એમ નરનારી ।
એમ નહી રહે જન જેહ, નહિ અમારા સતસંગી તેહ ॥૪૦॥
એવી લખાવી કાગળે વાત, પછી પોતે થયા રળિયાત ।
થયા રાજી પોતે ત્યારે રાજ, જ્યારે કીધું છે એટલું કાજ ॥૪૧॥
એવા સંત સુખદાયી શ્યામ, દાસ દોષનિવારણ નામ ।
શોભાનિધિ તે સંતને આપી, બીજાં કલંક સરવે કાપી ॥૪૨॥
જેણે બેસે જગતમાં દાગ, એવાં કરાવ્યાં કુલક્ષણ ત્યાગ ।
તેણે શોભેછે સતસંગ ઘણો, તે પ્રતાપ મહાપ્રભુ તણો ॥૪૩॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે શ્રીહરિચરિત્રે
મહારાજેગઢડેથી સર્વે હરિજનના ઉપર કાગળ લખ્યો એ નામે
પંચોતેરમું પ્રકરણમ્ ॥૭૫॥